અગત્યનું

પ્રવેશ બાબત.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4385 4420

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.08/09/2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

ગુજરાત રાજ્ય.

વિષય:- કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે અત્રેની કચેરીને મળેલ રજૂઆત અનુસાર રાજ્યમાં કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ-2021-22માં કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયેલ છે. ઉક્ત વિગતે કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ શૈક્ષણિક વર્ષ-2021-22 માટે ધોરણ-9 થી 12માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓને તા.20/09/2021 સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળામાં પ્રવેશ આપી શકાશે તેમજ ઉક્ત તારીખ સુધીમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. ઉક્ત વિગતે શાળા પ્રવેશ માટેની છેલ્લી તક આપવામાં આવે છે. જે ધ્યાને લઇ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપશો.

સંયુકત નિયામક

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.